

॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 30,(SURAT), DATE-15/01/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૩૦, (સુરત), તા.૧૫/૦૧/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 કામરેજનાં શામપુરમાં ખુલ્લી તલવાર સાથે ત્રાટકેલાં તસ્કરોએ બંધ ઘરને નિશાન બનાવ્યું

3 ૭૬ માં પ્રજાસત્તાક દિનની રાજ્ય કક્ષાની ઉજવણી માટે તાપી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવી રહ્યુ છે

4 તાપી સોનગઢ તાલુકાના પ્રા. શાળા કાવલા ગામે ઉતરાયણ પર્વની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી


## નવસર્જન કા પત્રકાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નેશનલ પ્રેસ એસોસિએશનનો સુરત ખાતે ત્રીજો પત્રકાર સમારોહ યોજાયો










આજરોજ સુરત વીર નર્મદ યુનિવર્સિટી ખાતે નવસર્જન પત્રકાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પત્રકાર સન્માન સમારોહનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મહેમાન તરીકે વિશેષ ઉપસ્થિત કાર્યક્રમના અધ્યક્ષ, સ્વામી લક્ષ્મણ જયોતિજી મહારાજ, પ્રાણનાથ હોસ્પિટલ ટ્રસ્ટી, મહેશભાઈ . સવાણી ગ્રુપના ફાઉન્ડર, મહેશભાઈ સવાણી. હિંમતભાઈ ભાલીયા સામાજિક આગેવાન, પી.એમ. ભાઈ સાખટ કોળી સેના પ્રમુખ, ભરતજી ઠાકોર દક્ષિણ ગુજરાત વીર નર્મદ યુનિવર્સિટી જનાલીસ્ટ પ્રોફેસર, કે.બી. પઠાણ અને ઓલ ઇન્ડિયા હુમન રાઈટ ગ્રીવેન્સ એસોસિએશન, નવીનભાઈ નેશનલ પ્રેસ એસોસિએશન ના પ્રદેશ પ્રમુખ હરજીભાઈ બારૈયા નેશનલ પ્રેસ એસોસિએશનના પ્રદેશ ખજાનચી વિજયભાઈ મૈસુરીયા તથા નેશનલ પ્રેસ એસોસિએશનના ગુજરાત પ્રદેશ મીડિયા કન્વીનર . (ગુજરાત આત્મીયતા ક્ષયૂત ના એડિટર ) હિમાંશુસિહ ઠાકોર બારડોલી..ઈઇડગ ન્યુઝ ના એડીટર. દીપકભાઈ ઇગળે ઇન્ડિયા ન્યુઝ દર્પણ, હિમાશુ ભાઈ.સુરત શહેર ના સામાજીક કાર્યકર્તા નટુકાકા , નરેશભાઈ વરિયા ધબકાર ન્યુઝ, સામાજિક કાર્યકર્તા રાણાભાઇ રબારી ટ્રસ્ટી ,વગેરે મહેમાન શ્રી ઓ ઉપસ્થિત રહ્યા હતા મહેમાન શ્રી ઓનું પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી મોમેન્ટો આપી વિશેષ સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું ઉપસ્થિત મહેમાનો દ્વારા દેશની ચોથી જાગીર સ્તંભ તરીકે ગણાતા પત્રકારોને સત્યને સામે લાવવાનું તેમજ સાચી દિશા ન્યાય અપાવવા રાત દિવસ મહેનત કરતા પત્રકારોને ખુબ સરાહનીય પ્રશંસા કરવામાં આવી હતી પ્રદેશ પ્રમુખ શ્રી હરજીભાઈ બારૈયા દ્વારા જણાવવામાં આવ્યું હતું ન્યુઝ પેપર, ન્યુઝ ચેનલ, સોશિયલ મીડિયા ઉપર કામ કરતા તમામ પત્રકારો તેમજ પ્રેસ સાથે સંકળાયેલી તમામ નાની મોટી સંસ્થાઓના પત્રકાર માટે હિટ અને કલ્યાણ ના કામો .કરતાં આવ્યા આગામી દિવસોમાં પત્રકારોને ટોલ ટેક્સમાં રાહત .વીમા પોલિસી. મેડીક્લેમ અને મીડિયા રિલેટેડ ટુલ્સ ખરીદવા માટે રાહત ડરે સરકાર શ્રી તરફથી લોન . માહિતી ખાતામાં ફરતી તકલીફો આપવામાં આવે જેવા અંગત પ્રશ્નો ધ્યાનમાં. પેપરના ટાઈટલ સર્ટી માટે આર એન આઇ દિલ્હી કચેરી ખાતે સરકાર શ્રી લેખિતમાં રજૂઆત કરી અલગ અલગ સમસ્યાઓનું સમાધાન કરતી માંગણીઓ કરીશું પત્રકારોને ન્યાય અપાવવા આપવા માટે પ્રશાસન દ્વારા પત્રકારોને હેરાન ગતિ નુકસાન પહોચાડનારઓ સામે યોગ્ય કાયદાકીય પગલા ભરવામાં આવે. જેવી રજૂઆત કરી પત્રકારોના હિત માટે સતત કામ કરતા રહીશું પત્રકારોને કોઈપણ જાતની તકલીફ કાયદાકીય રીતે મદદ કરવા સંગઠન. સતત હમેશાં અગ્રેસર રહેશે . પત્રકારોને ત્રીજા વાર્ષિક સંમેલન કાર્યક્રમમાં પધારવા બદલ પ્રમુખશ્રીએ સો પત્રકારોને સ્વાગત અભિવાદન કર્યા હતા કાર્યક્રમમાં 300 થી પણ વધારે પત્રકાર ઉપસ્થિત રહ્યા હતા પત્રકાર ચેરીટેબલ ટ્રસ્ટ ના નેજા હેઠળ નેશનલ પ્રેસ એસોસિએશન સંગઠન ગુજરાત પરના પત્રકારો માટે ૧૦૮ નું કામ કરે છે અને કરતું રહેશે જેવા વિશ્વાસ ભરોસો પત્રકારોને પ્રમુખ હરજીભાઈ બારૈયા એ આપ્યો છે હતો પ્રમુખ શ્રી હરજીભાઈ બારૈયા, ખજાનચી વિજયભાઈ મેસુરીયા, ગુજરાત પ્રદેશ મીડિયા કન્વીનર હિમાંશુ ઠાકોર મહામંત્રી વિક્રમભાઈ સાંખટ ગુજરાતના રાજય ના અનેક વિવિધ જિલ્લાઓમાંથી પ્રભારી પ્રમુખશ્રીઓ મંત્રી વગેરે ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવી અલગ અલગ વ્યક્તિ દ્વારા ખૂબ જ સરસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આયોજક સુરત જિલ્લા પ્રભારી જીગ્નેશ ભાઈ સોસા, સુરત જિલ્લા પ્રમુખ હકીમભાઇ વાણા, સમીરભાઈ મન્સૂરી, સુરત જિલ્લા મહામંત્રી ઝારા ખાન ,લખનભાઈ કોટડીયા, દર્શનભાઈ નથવાણી, દિનેશભાઈ ઠાકોર, સુરત જિલ્લાની ટીમ દ્વારા ખુબ મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે સ્વરુષી ભોજન સાથે લીધું હતું.

## મોબાઈલ ચોરી કરી ગૂગલ પેથી ૧ લાખ ટ્રાન્સફર કરનાર આરોપી પાસેથી ૧.૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત

બારડોલી-પલસાણા પોલીસે એક મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. પોલીસે મોબાઈલ ફોન ચોરી અને ડિજિટલ ફ્રોડ કરનાર આરોપીને ઝડપી લીધો છે. આરોપીની ઓળખ અબ્દુલ્લા નઇમ અંસારી (ઉંમર ૨૭) તરીકે થઈ છે, જે મૂળ બિહારના ઔરંગાબાદનો વતની છે અને હાલમાં સુરતના પલસાણા વિસ્તારમાં રહે છે.




પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંગની સૂચના અને માર્ગદર્શન હેઠળ, પલસાણા પોલીસે ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરી હતી. આરોપી પાસેથી કુલ રૂ. ૧,૪૫,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં ચાર મોબાઈલ ફોન (કિંમત રૂ. ૮૦,૦૦૦), એક ટેબલેટ (કિંમત રૂ. ૧૫,૦૦૦), એક પાવરબેંક (કિંમત રૂ. ૫૦૦) અને એક સુઝુકી બર્ગમેન મોપેડ (કિંમત રૂ.૫૦,૦૦૦) નો સમાવેશ થાય છે. આરોપીએ ચોરી કરેલા મોબાઈલ ફોનમાંથી ગૂગલ પે એપ્લિકેશન દ્વારા રૂ. ૧,૦૦,૦૦૦ની ટ્રાન્સફર કરી હતી. સાઇબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ની મદદથી આ રકમ ફ્રીઝ કરવામાં આવી છે અને રિકવરીની કાર્યવાહી ચાલુ છે.પોલીસે આરોપી વિરુદ્ધ ચોરી અને સાયબર ક્રાઈમ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.


॥ શ્રી સદ્‌ગુરૂ કૃપા ॥

જીતેન્દ્રસિંહ પરમાર Mo. 97274 10292 94268 10292

શ્રીબાલાજી ડાઈનીંગ હોલ

ગુજરાતી થાળી મળશે.

જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-

શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.

ગુજરાત આત્મીયતા ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)

YouTube

www.gujarataatmiyata.in

ATMIYA PROPERTIES

Atmiya Propaties Bardoli
Mo: 9016924808

ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....

દુકાન નંબર 101, પ્રિતેશ કોમ્પલેક્ષ શાસ્ત્રી રોડ , બારડોલી.

Date-15/01/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# બારડોલી તાલુકાના ઉવા ગામ ખાતે ઉવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી ઉવા ની ૫૦ મી સાલગીરા નિમિત્તે કાર્યક્રમ યોજાયો





## ઉવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી નો ૫૦ વર્ષ સુવર્ણ જયંતિ ની ઉજવણી કવામાં આવી

બારડોલી- ઉવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી નો ૫૦ વર્ષ સુવર્ણ જયંતિ મોહતસવ ની ઉજણી કવામાં આવી અને એ ૫૦ વર્ષ થી ફરજ બજાવતા સ્થાપક પ્રમુખ શ્રી નરેન્દ્રસિંહ ડાહ્યાભાઈ રાઠોડ ના સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેના અધ્યક્ષ સુ.જી.સંઘ ના પ્રમુખ શ્રી ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ અને અતિથી વિશેષ સુમુલ ડેરીના ઉપ પ્રમુખ શ્રી રાજુભાઈ પાઠક તેમજ મુખ્ય મહેમાન શ્રી ભાવેશ ભાઈ પટેલ, શ્રી જીતેન્દ્રભાઈ પટેલ, શ્રી નરેશભાઈ પટેલ, શ્રી ભરતસિંહ સોલંકી, શ્રી સમીરભાઈ ભક્ત, શ્રી હસુભાઈ પટેલ, શ્રી અજીતભાઈ પટેલ, શ્રી પરીમલભાઈ પટેલ શ્રી દીપકભાઈ પટેલ, શ્રી હર્ષદભાઈ ભક્ત, શ્રી ભૂેન્દ્રસિંહજી સોલંકી, શ્રી પાંડે સાહેબ, શ્રી વિઠ્ઠલભાઈ રબારી તેમજ ઉછ, શ્રી સુરત અને બારડોલી તાલુકા વિવિધ સહકારી મંડળીઓ ના આગેવાનો અને બારડોલી તાલુકા ની દૂધ મંડળી ના પ્રમુખ શ્રી ઓ તેમજ ગ્રામ જનો હાજર રહ્યા હતા.

આ પ્રસંગ મા મહત્વની વાત એ હતી કે ૫૦ વર્ષ થી બિન હરિફ પ્રમુખ તરીકે શ્રી નરેન્દ્રસિંહ ડાહ્યાભાઈ રાઠોડ ને ફરજ બજાવવાની તક આપી જે સુરત અને તાપી જિલ્લામાં આવેલ ૧૨૦૦ મંડળી પૈકી ક્યાંય જોવા મળેલ નથી. ઉવા ગામ પશુપાલકો અને ગામજનો એ સહકારિતાનું પ્રમાણ પુરુ પાડ્યું છે. જે ગૌરવ લેવાની વાત છે. આથી ઉપસ્થિત મહેમાનો મંડળી ના સભાસદો અને ગામજનો નો આ પ્રસંગે આભાર વ્યક્ત કરુંછું.

# ખેડૂતો વિદેશોમાં નિકાસ કરી શકે તે માટે તાલીમ

બારડોલી- ભારત દેશ ૨૦૪૭માં વિકસિત ભારત બને તે માટેના સરકાર દ્વારા અનેકવિધ પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે સુરત જિલ્લાના ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતો તેમની ખેત ઉત્પાદનો વિદેશોમાં એક્સપોર્ટ કરી શકે તે માટે બ્યુરો વેરીટાસ પ્રા.લિ. વડોદરા સર્ટીફીકેશન એજન્સી કંપની તથા સુરત આત્મા પ્રોજેકટના સંયુકત ઉપક્રમે વિદેશમાં એક્ષ્પોર્ટ બાબતે બારડોલી ખાતે અવેરનેસ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે યોજાયેલા તાલીમમાં જિલ્લાના આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર એન.જી.ગામીતે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક-ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતોની ખેત પેદાશોની ભારે માંગ છે જેથી પોતાના ફાર્મનું રજીસ્ટ્રેશન કરીને આગળ વધી શકે છે. કાર્યક્રમમાં બ્યુરો વેરીટાસ કંપનીના જનરલ મેનેજર રામ શર્માએ, સર્ટીફિકેશન મેનેજર પંકજ શર્મા, સેલ્સ મેનેજર વિપુલ સોની તથા ટેક્નીકલ એક્સપર્ટ ચંદ્રકાંત પટેલે માર્ગદર્શન આપતા કહ્યું કે, વિદેશમાં એક્સપોર્ટ કરતા પહેલા પ્રથમ જે તે ફાર્મનું સર્ટિફાઈડ કંપની પાસે સર્ટીફિકેશન કરાવવું પડશે. જેમાં સી-૧, સી-૨,સી-૩ અને ચોથા વર્ષે રેગ્યુલેશન સર્ટીફિકેશન મળે છે. હાલમાં વિદેશોમાં ફુડ ક્રોપ, મકાઈ, ભીંડા, ગુવાર જેવી ખેતપેદાશોની માંગ વધી રહી છે. જેમાં ખેડૂતોને રજીસ્ટ્રેશન કરાવવા માટે અનુરોધ કર્યો હતો. વાલોડના પ્રગતિશીલ ખેડૂત જીગર દેસાઈએ કહ્યું કે, જે તે ઉત્પાદકોએ પોતાની પ્રોડકશનનું વેલ્યુએડિશન કરીને વેચાણ કરવું પડશે.

# નારણપુરમા જન જાગૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ ( ઉકાઇ) તેમજ હોસ્ટેલ સ્ટાફ દ્વારા સ્પોર્ટ્સ સ્પર્ધા નો કાર્યક્રમ





તાપી જિલ્લા તારીખ ૧૨ જાન્યુઆરી ના રોજ ઉચ્છલ તાલુકા મા નારણપુરા બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ વરપાડા નેશું નારણપુરમા જન જાગૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ ( ઉકાઇ) તેમજ હોસ્ટેલ સ્ટાફ દ્વારા સ્પોર્ટ્સ સ્પર્ધા નોં કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં વોલીબોલ, ચેસ, કેરમ, પેઇન્ટિંગ સ્પર્ધા વગેરે ૧૧ જેટલી રમતો ની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં ૧૦૦ છોકરા તેમજ ૧૦૦ જેટલી છોકરીઓ એ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

જેમાં બાળકો દ્વારા પ્રાથના કરી તેમજ ટ્રસ્ટ ના સભ્યો તેમજ હોસ્ટેલ સ્ટાફ દ્વારા દિપ પ્રજવલિત કરી અને ટ્રસ્ટ ના પ્રમુખ દ્વારા રીબિન કટિંગ કરી કાર્યક્રમ ની સરું વાત કરવામાં આવી અને વિજેતા ટીમો ને ટ્રોફી તેમજ ગિફ્ટ આપવામાં આવ્યા.

# ઉતરાયણ નિમિત્તે ઉંધિયાના શાકભાજીના ભાવ એક દિવસમાં જ ડબલ થઇ ગયા



બારડોલી- ઉતરાયણના દિવસે સ્નાન અને દાનનું ઘણું મહત્વ છે. યુવાનો ઉતરાયણના દિવસે ધાબા પાર્ટી માટે હોટ ફેવરેટ બનેલું ઊંધિયુ જલેબીની જયાફ્ત માણવાનું ચૂકતા નથી. પરંતુ ઉંધિયું બનવાવા માટે વપરાતા શાકભાજીમાં ૫૦ ટકાનો ઉછાળો આવ્યો છે. ઉંધિયા માટે વપરાતી કતારગામની પાપડી એક દિવસ અગાઉ ૮૦ રૂપિયે કિલો મળતી હતી તે ૧૨૦ રૂપિયા, જયારે રિંગણ ૩૦ રૂપિયે કિલો મળતાં હતાં તેના સીધા ૬૦ રૂપિયે કિલો થઈ ગયા છે અને લીલુ લસણ તો ૨૪૦ રૂપિયે કિલો મળી રહ્યુ છે.

એક કિલો પાપડીના રૂ. ૮૦ના હતા તે ૧૨૦ થઇ ગયા વેપારી અતુલભાઈ પટેલે જણાવ્યું કે શાકભાજીના રિટેલ માર્કેટમાં ભાવમાં સુરતી પાપડી એક કિલોના ભાવ ૮૦ હતો તે ૧૨૦ રૂપિયે થયો છે. રતાળુ ૧૨૦ રૂપિયે કિલો, સક્કરિયા ૬૦ હતાં તેના ૮૦ થયા છે. વટાણા ૪૦ ના ૭૦ થયા છે. જયારે રીંગણાં ૩૦ રૂપિયે કિલો મળતાં તે ૬૦ રૂપિયે કિલો થયા છે. જોકે ઊંધિયું બનાવનાર વેપારીઓની સંખ્યામાં વધારો થયો છે. ગૃહિણી પણ ઊંધિયાના શાકભાજીની ખરીદી કરે છે. ઊંધિયું બનાવવા શાકભાજીની માગ વધી છે. જેના કારણે ભાવમાં સામાન્ય દિવસો કરતા વધ્યા છે.

**પાપડી એક દિવસ અગાઉ ૮૦ રૂપિયે કિલો મળતી હતી તે ૧૨૦ રૂપિયા, જયારે રિંગણ ૩૦ રૂપિયે કિલો મળતાં હતાં તેના સીધા ૬૦ રૂપિયે કિલો થઈ ગયા છે અને લીલુ લસણ તો ૨૪૦ રૂપિયે કિલો મળી રહ્યુ છે.**

# સુરતમાં ૬ લાખની ખંડણીમાં યુવકનું અપહરણ:પૈસાની લેતીદેતીમાં ઓરિસ્સાના ૫ શખસે કર્યું અપહરણ



બારડોલી- સુરત જિલ્લામાં પૈસાની લેતીદેતીમાં એક ચોકાવનારી ઘટના સામે આવી છે. સાયણમાં રહેતા સાગર પંક્જ સ્વાઇને વિરાટ બહેરા નામના યુવકને પૈસા ધિરાણ કર્યા હતા. પૈસા પરત નહી કરવાના ઇરાદે વિરાટે તેના ચાર મિત્ર સાથે મળીને સાગરનું અપહરણ કરવાનું કાવતરું રચ્યું.

વિરાટે સાગરને પૈસા પરત કરવાના બહાને પીપોદરા બોલાવ્યો હતો. સાગર તેના મિત્રો સાથે પહોંચ્યો ત્યારે વિરાટ અને તેની ગેંગે હુમલો કર્યો. સાગરના મિત્રો ભાગી છૂટ્યા, પરંતુ સાગરનું અપહરણ કરી લેવાયું. આરોપીઓએ સાગરના મોબાઇલથી તેની માતા અને મિત્રોને ફોન કરી ૬ લાખની ખંડણીની માગણી કરી અને હત્યાની ધમકી આપી.

પરિવારની ફરિયાદ બાદ સુરત ગ્રામ્ય પોલીસે કઇઇ, પેરોલ ફર્લો, કોસંબા, કીમ અને ઓલપાડ પોલીસની અલગ-અલગ ટીમો બનાવી. ટેક્નિકલ સર્વેલન્સના આધારે આરોપીઓનું સરનામું શોધી કાઢ્યું. પોલીસે સુરત શહેરના લીંબાયત વિસ્તારમાં એક ટેરેસની રૂમમાંથી સાગરને સુરક્ષિત રીતે છોડાવ્યો અને પાંચેય આરોપીની ધરપકડ કરી. માસ્ટરમાઈન્ડ વિરાટ સહિત તમામ આરોપીઓ ઓરિસ્સાના વતની છે. હાલ તમામ આરોપીઓ પોલીસ કસ્ટડીમાં છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# શ્રી સેવણી સમસ્ત રાજપૂત સમાજ આયોજીત વોલીબોલ ટુર્નામેન્ટમ નુ આયોજન કરવામાં આવ્યું હતું



શ્રી સેવણી સમસ્ત રાજપૂત સમાજ આયોજીત વોલીબોલ ટુર્નામેન્ટમ નુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મહેમાન શ્રી અમિતસિંહ અજીતસિંહ દેસાઈ વિશાલ સિંહ દિલીપસિંહ દેસાઈ દેવેન્દ્ર સિંહ નટવર સિંહ દેસાઈ મેહુલસિંહ મુકેશસિંહ દેસાઈ તેમજ ટીમ ના ઓનર હાજર રહ્યા હતાં ચેમ્પિયન ટીમ કરારા સુપર ફાઈટર બની હતી અને રનર્સઅપ ટીમ જય અંબે બની હતી. બેસ્ટ શૂટર-જેનિશ મહીડા. બેસ્ટ ડિફેન્ડર-હાર્દીક. બેસ્ટ પ્લેયર-રાજવીર દરબાર, બેસ્ટ નેટર-દેવ ચાવડા, ટ્રોફી સ્પોન્સર - દેવેન્દ્ર સિંહ. મહેન્દ્ર સિંહ. સોલંકી, the cake Corner. કામરેજ તાલુકા માં શ્રી સેવણી સમસ્ત રાજપૂત સમાજ આયોજીત વોલીબોલ ટુર્નામેન્ટમ નુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મહેમાન શ્રી વિશાલ સિંહ દિલીપસિંહ દેસાઈ દેવેન્દ્ર સિંહ નટવર સિંહ દેસાઈ અમિત સિંહ અજીતસિંહ દેસાઈ મેહુલસિંહ મુકેશસિંહ દેસાઈ તેમજ ટીમ ઓનર હાજર રહ્યા હતાં.

**આજુબાજુનાં લોકો જાગી જતાં ત્રણ તસ્કરો બાઇક લઈને પલાયન થઈ ગયા**

# કામરેજનાં શામપુરમાં ખુલ્લી તલવાર સાથે ત્રાટકેલાં તસ્કરોએ બંધ ઘરને નિશાન બનાવ્યું



ઓલપાડ- કામરેજના શામપુરમાં મળસ્કે હાથમાં ખુલ્લી તલવાર સાથે બાઇક પર આવેલા અજાણ્યા ત્રણ તસ્કરોએ બંધ ઘરને નિશાન બનાવ્યું હતું. શામપુરાના ટાંકી ફળિયામાં આવેલા જયેશભાઈ મધુભાઈ પટેલના બંધ ઘરનો નકુચો તોડી તસ્કરો ઘરમાં પ્રવેશ્યા હતા. મધ્યરાત્રીએ નંબર પ્લેટ વગરની બાઇક પર આવેલા ત્રણ અજાણ્યા તસ્કરો પૈકી બે તસ્કરો બહાર પહેરામાં હતા અને એક ટોર્ચ લઈ ઘરમાં પ્રવેશ્યા બાદ બહાર ઉભેલા બેમાંથી બીજો પણ અંદર ઘરમાં ઘૂસ્યો હતો.

જયારે ત્રીજો હાથમાં તલવાર લઈ બહાર ઉભો હતો. બાદમાં બીજો પણ ઘરમાં પ્રવેશી ટોર્ચના અજવાળે ઘરમાં ખાખા ખોળા બાદ ગણતરીની મિનિટોમાં બહાર નીકળી બાઇક પર ખુલ્લી તલવાર ફેરવતાં ફરાર થઈ ગયા હતા. નિશાન બનેલા ઘર માલિકના નજીકના સબંધી દ્વારા મળતી માહિતી અનુસાર બંધ મકાનવાળામલિક વિદેશમાં રહેતા એન. આર. આઈ. હાલમાં દિવસ પહેલા જ વતન શામપુરા ખાતે આવ્યા હતા.અને આ શામપુરાવાળા ઘરમાં રહેતા વૃદ્ધ મહિલા સહિત એન. આર. આઈ. પરિવાર સૌરાષ્ટ્ર ખાતેના ધાર્મિક સ્થળો એ પ્રવાસે ગયો હતો. જેથી હાલ ઘર બંધ હાલતમાં હતું. ગતરોજ મળસ્કે ચારેક વાગ્યાના અરસામાં અજાણ્યા ચોરો ઘરનો નકુચો તોડી ચોરીના ઇરાદે ઘરમાં ઘૂસ્યા હતા. શોરબકોર થતાં આજુબાજુના લોકો જાગી જતાં તસ્કરો ફરાર થઇ ગયા હતા. જોકે કોઈ કિંમતી સામાન ન ચોરાયો હોવાનું જણાવાયું હતું. આ ઘટનાને પગલે ચોરીવાળા ઘરના સબંધી અને ધારુઠા ખાતે રહેતા પ્રજ્ઞેશ પટેલે કામરેજ પોલીસ મથકમાં લેખિત માં અરજી આપી હતી.

**પક્ષીઓ માટે જીવદયા અને તબીબોની ટીમ સજ્જ**

# સુરતમાં ઉત્તરાયણમાં ઘવાયેલા પક્ષીઓ અને ઈજાગ્રસ્ત નાગરિકો માટે નવી સિવિલ હોસ્પિટલે હેલ્પલાઈન સેવાનો પ્રારંભ



સુરત- ઉત્તરાયણ પર્વમાં પતંગની દોરીથી અબોલ પક્ષીઓ તેમજ વાહનચાલકો ઘાયલ થતા હોય છે. નિર્દોષ પક્ષીઓના રક્ષણ અને બચાવ માટે છેલ્લા ૧૭ વર્ષથી નર્સિંગ એસોશિએશન અને સહસ્ત્રફણા પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ-ગોપીપુરા દ્વારા હેલ્પલાઈન સેવા સાથે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ઘાયલ પક્ષીઓની સારવાર માટે કેમ્પ યોજવામાં આવે છે. પક્ષીઓ માટે જીવદયા અને તબીબોની ટીમ તેમજ ઈજાગ્રસ્ત દર્દીની સારવાર માટે એમ્બ્યુલન્સ સેવા કાર્યરત રહે છે, ત્યારે આ વર્ષે પણ દોરીથી ઘવાયેલા પક્ષીઓ તેમજ ઈજાગ્રસ્ત નાગરિકો માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે હેલ્પલાઈન સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

હેલ્પલાઈન નંબર જાહેર નવી સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત હેલ્પલાઈન સેવા માટે ૯૮૨૫૩-૦૪૭૬૬, ૯૮૨૫૫-૦૪૭૬૬, ૮૩૨૦૫-૯૫૪૩૯, ૯૯૭૯૦-૮૭૦૫૩, ૮૪૬૦૬-૭૦૬૪૪ ઉપર કોલ કરીને ઈજાગ્રસ્ત પક્ષીઓ કે નાગરિકોની સારવાર માટે કોલ કરી શકાશે.

સુરતવાસીઓને જીવદયા અભિયાનમાં જોડાવા અપીલ આ પ્રસંગે પૂર્વ સ્થાયી સમિતિ ચેરમેન પરેશ પટેલે જણાવ્યું હતું કે, નિર્દોષ અને અબોલ પક્ષીઓનું રક્ષણ કરવું એ આપણી સૌની નૈતિક ફરજ છે. રાજયમાં વર્ષ ૨૦૧૭થી ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગના દોરાથી પક્ષીઓને થતા ઘાવમાંથી બચાવવા માટે અને તેમનાં સારવાર માટે દસ દિવસીય રકરૂણા અભિયાન યોજાય છે. નવી સિવિલ નર્સિંગ એસોસિએશન દ્વારા સતત ૧૭ વર્ષથી હેલ્પલાઇન સેવા આપવામાં આવી રહી છે, જેની સરાહના કરતા તેમણે સુરતવાસીઓને આ જીવદયા અભિયાનમાં જોડાવા અપીલ કરી હતી.

દેશમાં ૩ લાખથી વધુ વોટર હાર્વેસ્ટિંગ પ્લાન્ટ સ્થાપિત કરાયા તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઉત્તરાયણ પર્વ સાથે જળસંચય અને રપાણી બચાઓ અભિયાન પણ પ્રગતિ પર છે. વર્ષ ૨૦૨૧થી શરૂ થયેલા રકેચ ધ રેન અભિયાન અંતર્ગત, છેલ્લા ચાર મહિનામાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલના માર્ગદર્શનમાં દેશમાં ૩ લાખથી વધુ વોટર હાર્વેસ્ટિંગ પ્લાન્ટ સ્થાપિત કરાયા છે. આ પહેલ દ્વારા વરસાદી બહાર વહેતું પાણી ભૂગર્ભમાં સંગ્રહિત થશે, જેના પરિણામે પાણીના સ્તર ઉંચા આવશે અને ભવિષ્યમાં પાણીની સમસ્યાઓ દૂર કરવા મદદરૂપ થશે.

Date-15/01/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......

## પતંગોત્સવમાં ઘવાતાં હજારો પક્ષીઓને કોણ બચાવશે?



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

૧૪ -૧૫ જાન્યુઆરીએ ગુજરાત અને અન્ય રાજયો મકરસંક્રાતીનો ઉત્સવ, પતંગ ચઢાવીને ઉજવાય છે. શહેરની અગાશીઓ માનવોથી ઊભરાય જાય છે અને આખો દિવસ કાચના પાવડરથી આવરિત દોરા સાથે પતંગો ઊડતા રહે છે. ઊંધીયુ, જલેબી, છાશ, ચિકી વગેરેની મહેફિલ ચાલુ રહે છે.

ઉત્સવની આ પોઝિટિવ બાજુ સાથે થોડી નેગેટિવિટી પણ જોવા મળે છે. ઊડતાં પક્ષીઓ ધારદાર દોરીઓથી ઘાયલ થાય છે. વળી પતંગના દોરા વૃક્ષોમાં લપેટાયેલાં હોય છે જેમા પક્ષીઓ દાખલ થતાં તેમની પાંખ કપાય છે કે શરીરને ઇજા થાય છે. કેટલાંક લોહીલુહાણ થાય છે તો કેટલાંક મૃત્યુ પામે છે.

તમે પણ થોડો સમય કાઢી તાર પરથી દોરી કે વૃક્ષમાં અટવાયેલી દોરી ખસેડી શકો છો. કેટલાંક પક્ષીપ્રેમી સ્વયંસેવકો આખું અઠવાડિયું ઝાડમાં ભેરવાયેલાં પક્ષીઓને સંભાળીને છૂટા પાડી નજીકના જીવદયા કેન્દ્રમાં પહોંચાડે છે. કેટલાંક ભાઈઓ પોતાની રીક્ષા કે વેનમાં ટ્રાન્સપોર્ટની સેવાઓ આપી પક્ષીઓને ઝડપથી વેટરનરી ડોક્ટર પાસે પહોંચાડે છે.

કબૂતર, ચકલીઓ, કાગડા તેમજ કેટલાંક વિદેશી પક્ષીઓ મોટી સંખ્યામાં ઘવાય છે. કાગડા જેવા પક્ષીઓ ચતુર હોય છે. ઘાયલ કાગડાને મદદ કરવા જશો તો શાંતિથી તમને દોરી કાઢવા દેશે. એટલે પક્ષીની ચાંચ જોઈ ગભરાવુ નહિ. બીજાઓની મદદ લઇને પણ રાતભર જાગી ટોર્ચ લાઇટનો ઉપયોગ કરી પક્ષીને દોરામાંથી મુક્ત કરવું જરૂરી છે. આને ઇમરજન્સી નહિ સમજો તો સવાર સુધીમા તેના પ્રાણ ઊડી જશે. પશુનિષ્ણાતના ફોનનંબર હાથવગા રાખો અને એકશન લો. પક્ષીઓ સવારે ખોરાક મારે ઝાડમાંથી બહાર નીકળી ઊડે છે અને સાંજ થતા ઝાડમાં કે બીજા આશ્રયમાં પાછા વળે છે. એટલે સૌથી સરળ ઉપાય એ જ કે સવારે અને મોડી સાંજે પતંગ ચગાવવા નહિ બને ત્યાં સુધી ખુલ્લા મેદાનમાં પતંગ ચગાવવા જેથી પક્ષીઓ અને માનવીઓ અકસ્માતથી બચી શકે.

ઉત્તરાયણ દરમ્યાન કેટલાં પક્ષીઓ મરણ પામે તેનો ચોક્કસ આંકડો સર્વે થયો નથી છતાં ફક્ત ગુજરાતમાં જ આ સમય દરમ્યાન ૨૫૦૦થી વધુ પક્ષીઓ મરણ પામે છે. વસ્તી ઓછી હતી ત્યારે આ ઉત્સવની અસર ઓછી થતી હતી. હવે લાખો લોકો પતંગને, ફેસ્ટિવલ તરીકે ઉજવે છે અને એટલે આ ઊડતાં નિર્દોષ પક્ષીઓ પર પણ તેની અસર વધી ગઇ છે.

મકરસંક્રાંતિ દરમિયાન ઘુવડ, સારસ, કાગડા, કબુતર, વ્હાઇટ બેક્ટ વલ્ચર, તેમજ ઇજીપ્શયન વલ્ચર ઘાયલ થાય છે. કેટલાંક પક્ષીઓ માળામાં જતાં પતંગના દોરામાં ભેરવાઈ જઇ ઊંધા લટકી ધીમા મોતથી મૃત્યુ પામે છે. તમેતેમને મદદ કરી શકો છો. ઉતરાણ પછી પણ ઝાડમાંના દોરા કાપવા નીકળી શકો છો. 'એવિઅન વેટ' એટલે પક્ષી નિષ્ણાત ફક્ત અમદાવાદમાં જ સૈકડો પક્ષીઓને બચાવે છે. આ માટે શહેરમાં 'રેસ્ક્યુ કેમ્પ' પણ ગોઠવવામાં આવે છે. ઘાયલ પક્ષીને સારવાર માટે લાવી તેને શાંત કરવામાં આવે છે. તે તરસ્યુ હોવાથી તેને પ્રવાહીની ડ્રીપ ચઢાવાય છે. હાઈડ્રેશન પછી તે સર્જરી માટે તૈયાર થાય છે. સર્જરી પછી ટોવેલમાં તેને રાખી એનેસ્થેસિયામાંથી મુક્ત થવા દેવાય છે. સર્વાઇવલરેટ ૭૦ ટકા જેટલો હોય છે. પક્ષી બચાવવા માટે આપ બાસ્કેટ ડોનેટ કરી શકો અથવા દાન આપી શકો છો. આ ઉત્સવમાં ધર્મ પણ સમાયેલો છે.

## ઈનોવા કાર ભાડે થી મળશે

૫-સિટર
૭-સિટર



સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## ૪ અને ૧૫ જાન્યુઆરીએ આકસ્મિક ઘટનાઓને પહોંચી વળવા ૧૦૮, ફાયર, કરુણા હેલ્પલાઇન અને વિવિધ NGO સજ્જ



ગુજરાતમાં ઉત્તરાયણના પર્વ પર પતંગ ઉડાવવાનું વિશેષ મહત્ત્વ છે. રાજયમાં ઉત્તરાયણના પર્વ પર મોટી સંખ્યામાં અકસ્માત અને આગના બનાવો બનતા હોય છે. આવા સમયે લોકો હોય કે અબોલ જીવ હોય, તેમને તાત્કાલિક સારવાર મળી રહે એ માટે રાજયમાં ૧૦૮, ફાયર, કરુણા હેલ્પલાઈન સહિત વિવિધ ગઘની ટીમ ખડેપગે રહેશે. ઉત્તરાયણના પર્વ પર સંભવિત ઈમર્જન્સીની સ્થિતિને પહોંચી વળવા માટે તમારા શહેરમાં કેવી વ્યવસ્થા છે એ બધી માહિતી તમે જાણી લો.

રાજયમાં ૧૦૮ની કેવી છે તૈયારી? ઉત્તરાયણના પર્વ પર સંભવિત અકસ્માતના બનાવને પહોંચી વળવા માટે ૧૦૮ની ટીમ સજ્જ બની છે. ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસે સૌથી વધુ ઇમર્જન્સીના કેસો અમદાવાદ, સુરત, રાજકોટ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, અરવલ્લી, નવસારી અને પંચમહાલ જેવાં શહેરોમાં નોંધાતા હોય છે, જેથી આ શહેરોના નાગરિકોએ તહેવાર દરમિયાન સાવચેત રહેવાની જરૂર છે.

૧૦૮ ઇમર્જન્સી સેવાના ચીફ ઓપરેટિંગ ઓફિસર જશવંત પ્રજાપતિએ જણાવ્યું હતું કે ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના બે દિવસના તહેવાર દરમિયાન કોઈપણ મેડિકલ ઇમર્જન્સીને પહોંચી વળવા અગાઉથી તૈયારીઓ કરી ફોરકાસ્ટ કરવામાં આવે છે. ઉત્તરાયણના બે દિવસના તહેવારમાં ગુજરાતમાં સામાન્ય રીતે વાહન અકસ્માત, ધાબા - છાપરાં પરથી પડી જવાના કિસ્સા, પતંગની દોરી હાથ અને ગળામાં વાગવાથી, મારામારીના કેસ અને વિશેષરૂપે ઇલેક્ટ્રિક શોક લાગવાના કારણે ઈજા થતાં કેસો જોવા મળે છે. એના માટે ૧૦૮ સેવા સતત કાર્યરત રહેશે.

આ વર્ષે ઉત્તરાયણે ૪૯૦૦ ઇમર્જન્સી કેસ નોંધાવાની શક્યતા ૧૦૮ રોજની ૩૦૦૦થી ૪૦૦૦ ઇમર્જન્સી કેસ આવતા હોય છે. ચાલુ વર્ષે ૧૪ અને ૧૫ જાન્યુઆરી ૭૦ ટકા જેટલા કેસો વધે એવું અનુમાન છે. ૧૪ જાન્યુઆરી ૪૯૦૦ ઇમર્જન્સી અને ૧૫ જાન્યુઆરી ૪૫૦૦ ઇમર્જન્સીના કેસો મળી શકે એવું અનુમાન છે. ૧૦૮ના તમામ સ્ટાફ વિવિધ હોસ્પિટલની સાથે કનેક્ટ રહેશે. મુખ્ય જિલ્લાઓ, જેમ કે અમદાવાદ, અરવલ્લી, બનાસકાંઠા, ગાંધીનગર, મહીસાગર, નવસારી, પંચમહાલ, પાટણ, રાજકોટ, સાબરકાંઠા, સુરત, અને સુરેન્દ્રનગરમાં કેસો નોંધાઈ શકે છે.

## કામરેજમાં ૨૦ ફૂટ ઊંડી ડ્રેનેજ લાઇનમાં ગાય પડી:ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરીથી ક્રેન દ્વારા ગાયનો બચાવ, સારવાર માટે ખસેડાઇ



બારડોલી-સુરત જિલ્લાના કામરેજ વિસ્તારમાં આસોપાલવ સોસાયટી નજીક એક ગંભીર બનાવ સામે આવ્યો છે. અહીં ૨૦ ફૂટ જેટલી ઊંડી ખુલ્લી ડ્રેનેજ લાઇનમાં એક ગાય પડી જતાં અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક રહેવાસીઓએ તાત્કાલિક કામરેજ ફાયર વિભાગને જાણ કરી, જેના પગલે ફાયર બ્રિગેડની ટીમ તુરંત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ.

બચાવ કામગીરી દરમિયાન ફાયર બ્રિગેડની ટીમે ક્રેનની મદદથી ગાયને સુરક્ષિત રીતે બહાર કાઢવાની કામગીરી હાથ ધરી. આ દુર્ઘટનામાં ગાયને કેટલીક નાની-મોટી ઈજાઓ થઈ હોવાથી તેને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવી છે. ફાયર વિભાગની ટીમની ત્વરિત કામગીરીને કારણે ગાયનો આબાદ બચાવ થયો, જેના માટે સ્થાનિક રહેવાસીઓએ ફાયર વિભાગની ટીમનો આભાર વ્યક્ત કર્યો છે.

આ ઘટના બાદ સ્થાનિક તંત્રને ખુલ્લી ડ્રેનેજ લાઇનો પર યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવા માટેની માગ ઉઠી છે, જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ ટાળી શકાય.

## નવી ભીલભવાલી ગામેથી દેશી તમંચા સાથે એક ઝબ્બે



કુકરમુંડા- પોલીસ મહાનિરીક્ષક સુરત વિભાગ તથા પોલીસ અધિક્ષક તાપી - વ્યારા તથા નાયબ પોલીસ અધિક્ષક નિઝર વિભાગનાઓએ જિલ્લામાં ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઇસમોને પકડવા અંગે સુચના આપેલ હોય, જેના અનુસંધાને નિઝર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરઓના માર્ગદર્શન મુજબ નિઝર પોલીસ ગત રોજ વિસ્તારમાં ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઇસમોને પકડવા અંગે પ્રયત્નશીલ હતા. તે દરમ્યાન અ.પો.કો. મેહુલભાઈ અરવિંદભાઇ તથા પો. કો. મુકેશકુમાર સેવાજીને બાતમી હકીકત આધારે, અનિલભાઈ શાંતારામભાઈ કુંભાર (ઉ.વ.૨૮) રહે. નવી ભિલભવાલી મંદિર ફળિયું તા. નિઝર જી. તાપીને પોતના ઘરથી એક દેશી હાથ બનાવટનો તમંચો કિંમત રૂપિયા ૩૦૦૦/- તથા રાઉન્ડ નંગ -૦૧ કિંમત રૂપિયા ૨૦૦/- મળી ૩૨૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી પડાયો છે.

## ૭૬ માં પ્રજાસત્તાક દિનની રાજય કક્ષાની ઉજવણી માટે તાપી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવી રહ્યુ છે



**તાપી-** ગુજરાત સરકાર દ્વારા પ્રજાસત્તાક પર્વની રાજય કક્ષાની ઉજવણી તાપી જિલ્લાના બાજીપુરા ખાતે આ વર્ષે કરવામાં આવશે. તાપી જિલ્લાને આંગણે આવો કાર્યક્રમ પ્રથમ વખત થવા જઈ રહ્યો છે ત્યારે તાપી જિલ્લા સંકલન સમિતિના તમામ આધિકારીઓએ અગ્રીમતા આપી તૈયારીઓ શરુ કરી છે.

આગામી તા.૨૫ જાન્યુઆરીના રોજ મહામહિમ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી વ્યારાના સયાજી ગ્રાઉન્ડ ખાતે એટ હોમ કાર્યક્રમમાં હાજરી આપશે. રાજભવન, ગાંધીનગરના સૌજન્યથી આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે. આ માટે સયાજી સર્કલની બાજુમાં આવેલા ગ્રાઉન્ડ પર આ માટે વિશાળ ડોમ ઉભો કરવામાં આવ્યો છે. તેમજ દક્ષિણાપથ વિદ્યાલયના પ્રાંગણમાં જિલ્લાના તમામ નાગરિકો માટે જાહેર સાંસ્કૃતિક કાર્યક્રમ, મેગા ઇવેન્ટ તા.૨૫ જાન્યુઆરીના રોજ સાંજે ૭ કલાકે યોજવામાં આવશે.

૨૬મી જાન્યુઆરીના રોજ તાપી જિલ્લાની હદમાં આવેલ નેશનલ હાઈવે નં.૫૩માં પરેડ ગ્રાઉન્ડ, બાજીપુરા ખાતે રાજયસ્તરીય ભવ્ય ધ્વજ વંદન કાર્યક્રમ યોજાશે. સમગ્ર જીલ્લાના તમામ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં નાગરિકો મુખ્ય કાર્યક્રમ તેમજ સંસ્કૃતિક કાર્યક્રમમાં હાજર રહેશે. રાજય કક્ષાના કાર્યક્રમમાં ગાંધીનગરથી મુખ્ય સચિવ સહીત અન્ય વિભાગોના સચિવશ્રીઓ તેમજ મંત્રીશ્રીઓ હાજર રહેશે. તમામ મહાનુભાવોની હાજરીમાં પરેડ, માર્ચ પાસ્ટ તેમજ પોલીસ વિભાગ દ્વારા બેન્ડ ડિસ્પ્લે પરેડ, મહિલા કોરિયોગ્રાફી ઇવેન્ટ, મોટર સાયકલ સ્ટંટ, ડોગ શો, હોર્સ શો, તેમજ પુરસ્કાર અને ટ્રોફી વિતરણ જેવા ભવ્ય કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યા છે.

## ચોર્યાસી ટોલ નાકા પાસેથી ૧૧,૨૯૨ બોટલ સાથે કેરળની ટ્રક પકડાઈ



કામરેજ પોલીસે ચોર્યાસી ગામની સીમમાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે-૪૮ પર મોટી કાર્યવાહી કરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે કેરળ નંબરની ટાટા ટેમ્પો માંથી ૧૬.૧૨ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે.

પોલીસ ઇન્સ્પેક્ટર એ.ડી. ચાવડાને મળેલી માહિતી મુજબ SKP LOGISTICS લખેલી ટ્રક મુંબઈથી અમદાવાદ તરફ જઈ રહી હતી. આ માહિતીના આધારે પોલીસે ચોર્યાસી ટોલ નાકા પાસે વોચ ગોઠવી હતી. તપાસ દરમિયાન ટ્રકમાંથી ભારતીય બનાવટની ઇંગ્લિશ દારૂની વ્હીસ્કી, વોડકા અને બીયરની કુલ ૧૧,૨૯૨ બોટલ મળી આવી હતી.

પોલીસે દારૂના જથ્થા ઉપરાંત ૧૫ લાખની કિંમતનો ટાટા ટેમ્પો અને ૧૦ હજારની કિંમતનો મોબાઇલ મળીને કુલ ૩૧.૨૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કાર્યવાહી પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ અને નાયબ પોલીસ મહાનિરીક્ષક હિતેષ જોયસરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. પોલીસે આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ઉંભેળમાં ત્રીજા માળની ઘરની બાલ્કનીમાંથી પતરાની છત પર પડેલા ૨ વર્ષના બાળકનું મોત

આંબોલી-કામરેજના ઉંભેળમાં રહેતા પરપ્રાંતીય પરિવારનો ૨ વર્ષનો પુત્ર ત્રીજા માળની ઘરની ગેલેરીમાંથી પતરાના શેડ પર પડતા સારવાર દરમિયાન તેનું મોત નિપજયું હતું. મૂળ બિહારના વતની અને હાલ કામરેજના ઉંભેળ ખાતે આવેલી રઘુનંદન રેસી. માં ૨૫ વર્ષીય અશોક હરીશચંદ્ર મુખીયા એમ્બ્રોડરી મશીન ચલાવે છે.

શનિવારે સવારના ઘરમાં રમતો ૨ વર્ષીય પુત્ર શિવનાથ રૂમમાં જોવા નહી મળતા તેની શોધખોળ કરતા તે મકાનના પાછળ વાળી બાલ્કનીમાંથી પડતાં નીચેના પતરાની છત પર પડેલો જોવા મળ્યો હતો.

પરિવારે દોડી જઇ છત પરથી નીચે ઉતારી રિક્ષા મારફતે તેને ચલથાણની સંજીવની હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયો હતો.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# ઓલપાડ કોંગ્રેસ સમિતી દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું

## ઓલપાડ તાલુકાનાં માસમા ગામ ખાતે ચાલી રહેલ ઔદ્યોગિક અને ખાદ્ય પદાર્થોની ઉત્પાદન પ્રક્રિયા બાબતે તપાસ કરી જવાબદાર સામે સરકારી નીતિનિયમો મુજબ કાર્યવાહી કરવા બાબત ની રજૂઆત

**સુરત જિલ્લાનાં ઓલપાડ તાલુકાનાં માસમા ગામ ખાતે ચાલી રહેલ ઔદ્યોગિક અને ખાદ્ય પદાર્થોની ઉત્પાદન પ્રક્રિયા બાબતે તપાસ કરી જવાબદાર સામે સરકારી નીતિનિયમો મુજબ કાર્યવાહી કરવાની કામગીરીમાં બેજવાબદારી અને બેદરકારી દાખવનાર અધિકારીઓ અને પદાધિકારીઓ સામે તપાસ કરી દાખલો બેસે તેવી કાર્યવાહી કરવા બાબત.**

સ્થાનિક લોકો દ્વારા મળેલ રજૂઆત મુજબ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનાં માસમા ગામ ખાતે અલગ અલગ ઔદ્યોગિક અને ખાદ્ય પદાર્થોની ઉત્પાદન પ્રક્રિયા નાના નાના એકમોમાં ચાલી રહી છે. ભૂતકાળ ના સમયમાં માસમા ગામ ખાતે ચાલતા એકમોમાં અનેક વખત ડુપ્લિકેટ ઘી ,તેલ, પાન-મસાલા બનાવવાની કામગીરી ચાલી રહેલ હોવાની માહિતી સ્થાનિક સમાચાર પત્ર અને સ્થાનિક નાગરિકો દ્વારા જાણવા મળેલ હતી . જે સમાચાર પત્રના અહેવાલની નકલ આ સાથે સામેલ રાખેલ છે. જે ખૂબ જ ગંભીર બાબત છે

જેથી અમો દ્વારા પ્રાંત અધિકારી, મામલતદાર (ઓલપાડ) અને તાલુકા વિકાસ અધિકારી ઓલપાડને તા. ૧૬/૦૪/૨૦૨૪ ના રોજ લેખીતમાં સુરત જિલ્લાનાં ઓલપાડ તાલુકાનાં માસમા ગામ ખાતે ચાલી રહેલ ઔદ્યોગિક અને ખાદ્ય પદાર્થોની ઉત્પાદન પ્રક્રિયા બાબતે તપાસ કરી જવાબદાર સામે સરકારી નીતિનિયમો મુજબ કાર્યવાહી કરવા બાબતે રજૂઆત કરવામાં આવેલ હતી. જેની નકલ આ સાથે સામેલ રાખેલ છે. તેમ છતાં સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

સ્થાનિક સમાચાર પત્ર દ્વારા મળેલ માહિતી મુજબ હાલમાં જ તા.૧૧ /૦૧ /૨૦૨૫ ના રોજ ઓલપાડ તાલુકાના માસમા ગામ ખાતે ફળી નકલી ઘી બનાવટી આખી ફેક્ટરી પકડાઈ અને ૨૫ ટન જેટલા મોટા પ્રમાણમાં નકલી ઘી ફૂડ એન્ડ ડ્રગ વિભાગની ટીમ દ્વારા જપ્ત કરવામાં આવેલ છે.જે જોતાં સ્થાનિક વહીવટી તંત્રના અધિકારીઓ અને તાલુકા પંચાયતના પદાધિકારીઓને સામાન્ય માણસના આરોગ્ય બાબતે કોઈ ચિંતા કે ફિકર હોય એવું લાગી રહ્યું નથી.કારણ કે અમો દ્વારા લેખીત માં રજૂઆત કરવામાં આવેલ હતી ,તેમાં છતાં વારંવાર એક જ વિસ્તારમાંથી ડુપ્લિકેટ ખાદ્ય પદાર્થ બનાવવા માટેની ફેક્ટરીઓ અને દુકાનોના કિસાઓ સામે આવી રહ્યા છે. આ બાબત ખૂબ ગંભીર છે. ઓલપાડ તાલુકાના સ્થાનિક અધિકારીઓ અને પદાધિકારીઓ ની રહેમ નજર અને મેળાપીપળા વિના આટલા મોટા પ્રમાણમાં ખુલ્લે આમ ડુપ્લિકેટ ખાદ્ય પદાર્થ બનાવવા માટે કોઈ હિંમત કરી શકે નહીં !.

વધુમાં જણાવવાનું કે સમાચાર પત્ર અને સ્થાનિક નાગરિકોના માધ્યમથી જાણવા મળેલ માહિતી મુજબ હાલમાં જે ડુપ્લિકેટ ઘી બનાવવાની ફેક્ટરી પકડાઈ છે. તે જ ફરેક્ટરીમાં માત્ર ૧૭ વર્ષના એક હળપતિ સમાજના હિમેશ રાઠોડ નામના સગીર શ્રમિક નું વીજ કરંટ લાગતાં મોત થવા પામેલ હતું.આટલી ગંભીર બેદરકારી હોવા છતાં તેમજ સ્થાનિક વહીવટી તંત્રના ધ્યાનમાં વારંવાર આ વિસ્તારમાં ચાલી રહેલ આવી ગેરકાયદેસર પ્રવુતિ ધ્યાનમાં હોવા છતાં તેમના દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી રહેલ નથી.

વધુમાં જણાવવાનું કે એક બાજુ સરકાર નાગરિકોના આરોગ્ય માટે ચિંતાતુર છે જ્યારે બીજી બાજુ આવા બનાવટી અને ડુપ્લિકેટ ખાદ્ય પદાર્થો બનાવવાની ગુનાહિત કામગીરી કરનાર ઇસમો સમાન્ય અને નિર્દોષ નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યા છે અને જીવન જોખમમાં મૂકી રહ્યા છે. ત્રીજી બાજુ ઓલપાડ તાલુકાના સ્થાનિક વહીવટી તંત્રના અધિકારીઓ અને પદાધિકારીઓ મૂક પ્રેક્ષક બનીને આખ આગળ આડા કાન કરી રહ્યા છે.એક ને એક જ વિસ્તારમાં વારંવાર માનવજાત વિરોધી કૃત્યો થઇ રહ્યા હોવાની ઘટના બહાર આવી રહી હોય તો,સ્થાનિક અધિકારીઓ અને પદાધિકારીઓ ની ભૂમિકા શંકા ના ડાયરામાં આવે એ સ્વાભાવિક છે ! જેને કારણે સરકારની બદનામી થઈ રહેલ છે.

જેથી આપશ્રી માનવ કલ્યાણની ભાવનાને આગવા સ્થાને રાખી મારી આ રજૂઆતનાં સંદર્ભ બાબતે યોગ્ય કાર્યવાહી કરાવશો તથા અમોની સુરત જિલ્લાનાં ઓલપાડ તાલુકાનાં માસમા ગામ ખાતે ચાલી રહેલ ઔદ્યોગિક અને ખાદ્ય પદાર્થોની ઉત્પાદન પ્રક્રિયા બાબતે તપાસ કરી જવાબદાર સામે સરકારી નીતિનિયમો મુજબ કાર્યવાહી કરવાની કામગીરીમાં બેજવાબદારી અને બેદરકારી દાખવનાર સ્થાનિક જવાબદાર અધિકારીઓ અને પદાધિકારીઓ સામે તપાસ કરી તત્કાલ દાખલો બેસે તેવી લોકહિતમાં કાર્યવાહી કરાવશો એ માટે મારી વિનંતી છે.

# તાપી સોનગઢ તાલુકાના પ્રા. શાળા કાવલા ગામે ઉતરાયણ પર્વની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી




એક બાળ, એક પંતગ, એક વૃક્ષ,એક પક્ષી, એક માળો, સૂત્રો ના સાર્થક સાથે વૃક્ષારોપણ કરી પક્ષી તથા વૃક્ષો બચાવવા નું સંકલ્પ કર્યા.

પર્યાવરણ પ્રેમી વિજેશભાઈ ગામીત દ્વારા પ્રાથમિક શાળા -કાવલા મા ભણતા તમામ વિદ્યાર્થીઓ ને પંતગ -દોરી, તલની ચિક્કી અને લાડુ, વૃક્ષો તથા પક્ષીમાળા નું વિતરણ કરી ‘એક બાળ, એક પંતગ, એક વૃક્ષ, એક પક્ષી, એક માળો નો સંદેશો આપ્યો છે ...

### મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે ચિલ્ડ્રન હોમ, તાડકુવા વ્યારા ખાતે

## ‘પતંગ-દોરા’ તથા અન્ય વસ્તુઓનું વિતરણનો કાર્યક્રમ તેમજ લીમડી ચોક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ ના દાતાઓ તથા નિર્ણાયકોનું અભિવાદન કાર્યક્રમ યોજાયો





શ્રી લીમડા ગણેશ મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ લીમડા ચોક વ્યારા જી.તાપી ખાતે સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિ નિમિત્તે શ્રી લીમડા ગણેશ મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ વ્યારા તથા સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ના સૌજન્ય થી મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે ચિલ્ડ્રન હોમ, તાડકુવા વ્યારા ખાતે ‘પતંગ-દોરા’ તથા અન્ય વસ્તુઓનું વિતરણનો કાર્યક્રમ તેમજ લીમડી ચોક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ ના દાતાઓ તથા નિર્ણાયકોનું અભિવાદન તથા યુવાનો માટે સ્વામિવિવેકાનંદજી ઉપર ઉદ્‌બોધન રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ તા. ૧૨/૦૧/૨૦૨૫ રવિવારના રોજ સાંજે ૫.૩૦ વાગ્યે રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહયા હતા.

# શ્રી બારડોલી પ્રદેશ અનાવિલ સમાજ દ્વારા તા. ૧૨-૦૧-૨૦૨૫ રવિવાર ના રોજ અભિવાદન સમારંભ નું આયોજન કરવામાં આવ્યું





શ્રી બારડોલી પ્રદેશ અનાવિલ સમાજ દ્વારા તા. ૧૨-૦૧-૨૦૨૫ રવિવાર ના રોજ અભિવાદન સમારંભ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પૂજ્ય શ્રી તારાચંદ બાપુ એ હાજરી આપી હતી અને આશીર્વચન આપ્યું હતું આ કાર્યક્રમ માં સમારંભ ના પ્રમુખ શ્રી મુકેશ ભાઈ મોઘાભાઇ દેસાઇ ,અતિથિ વિશેષ શ્રી ચેતન ભાઈ રતિલાલ નાયક (વેલુક), શ્રી કમલેશ ભાઈ દોલત ભાઈ નાયક (સાંકી) , વિશેષ ઉપસ્થિતિ શ્રી રાકેશ ભાઈ ગુણવંતભાઇ દેસાઈ ધારાસભ્ય નવસારી, સંદિપ ભાઈ જયંતીભાઈ દેસાઈ ધારાસભ્યશ્રી ચોર્યાસી એ હાજરી આપી હતી .

દિનેશભાઈ ટી દેસાઈ પ્રમુખ, કિરણ ભાઈ એલ દેસાઈ ખજાનચી, કેતન ભાઈ વી દેસાઈ મંત્રી સંજય ભાઈ કે દેસાઈ મંત્રી તેમજ શ્રી બારડોલી પ્રદેશ અનાવિલ સમાજ નો ખુબ ખુબ આભાર.

# શ્રી શાંતારામ ભટ્ટ ઇંગ્લિશ મીડિયમ સ્કુલ મોતા મા પ્રિ-પ્રાઈમરી ના નાના સુંદર ભુલકાઓ દ્વારા ઉતરાયણ પર્વની ઉજવણી






‘ઉડે છે ઉડે છે મારો પીળો પતંગ‘

‘ઊંચે ઊંચે પેલા વાદળની સંગ‘

શ્રી મોતા કેળવણી મંડળ સંચાલિત શ્રી શાંતારામ ભટ્ટ ઇંગ્લીશ મીડીયમ સ્કુલમાં પ્રી પ્રાઇમરીના શિક્ષકો તેમજ નાના ભૂલકાઓ દ્વારા આબાલ વૃદ્ધ સૌને પ્રિય તહેવાર ઉતરાયણની ઉજવણી કરવામાં આવી દર વર્ષે ૧૪મી જાન્યુઆરીના દિવસે મકરસંક્રાંતિના તહેવારની ઉજવણી કરવામાં આવે છે આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે તેથી તેને મકરસંક્રાંતિ પણ કહે છે.

શાળાના આચાર્યશ્રી દીપિકાબેન પટેલે બાળકો સાથે ગાયનું પૂજન કરી ગાયને બોર, લાડુ ખવડાવી આ પર્વનું ધાર્મિક મહત્વ સમજાવ્યું શિક્ષકો દ્વારા બાળકોને બોર, લાડુ તેમજ ચીકકીની વહેચણી કરવામાં આવી. આ સુંદર તહેવાર ના આયોજન માટે શાળાના પ્રમુખશ્રી નવીનભાઈ મંત્રી શ્રી રમેશ કાકા અને મંડળે આચાર્ય તેમજ શિક્ષકોને મકરસંક્રાંતિ ની શુભકામના પાઠવી.

# માંડવી પાલિકાની રખડતાં ઢોરો પકડવાની ઝુંબેશ શરૂ

માંડવી- માંડવી નગરપાલિકા વિસ્તારમાં ઘણા સમયથી રખડતા ઢોરોનો ત્રાસ વધી રહ્યો હતો અને અકસ્માતની ઘટનાઓ પણ બની રહી હતી ત્યારે માંડવી પાલિકા શાસકો દ્વારા ઢોરોને પકડવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

માંડવી નગરપાલિકા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પશુપાલકો પોતાના પશુઓને માત્ર આર્થિક ઉપાર્જન પૂરતું ઘરમાં રાખી બહાર છોડી મૂકતા હોય છે જેના લીધે ખોરાક માટે રખડતા ઢોરો ક્યારેક અકસ્માતનું કારણ બની જતા હોય છે તો આક્રમક બનેલા આખલાઓ તોફાની બની નિર્દોષ રાહદારીઓને અડફટમાં લઈ લેતા ગંભીર ઇજાઓ પહોંચતી હોય છે. આવા સંજોગોમાં નગરજનો દ્વારા રખડતા ઢોરોને પકડવા તથા પશુપાલકો પર યોગ્ય પગલાની વારંવાર રજૂ થતી હતી. ત્યારે નગરપાલિકા દ્વારા હાલમાં ઢોરો પકડવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦ જેટલા ગૌવંશને પકડી માણેકપોર ખાતે પાંજરાપોળમાં મોકલી આપવામાં આવ્યા છે.

જોઈએ છે..! જોઈએ છે..!

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી

બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808


કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).